Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org




Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

# શુદ્ધામૃત

ॐ

## પૂજ્ય બેન શાન્તાબેનની ૧૦૪મી જન્મજયંતી
## ફાગણ સુદી અગિયારસના પ્રસંગે
## પૂજ્ય બેનના વચનામૃતમાંથી
## ૧૦૪ ચૂંટેલા પુષ્પો

પ્રકાશક

**જૈન મુમુક્ષુ મહિલા મંડળ, દેવલાલી**

**કહાન નગર, લામ રોડ, દેવલાલી**

**Pin : 410422**

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

પ્રાપ્તિસ્થાન

## પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ

કહાન નગર, લામ રોડ, દેવલાલી

ફોન નં. ૦૨૫૩ ૨૪૯૧૦૪૪/૪૫

## શ્રી સીમંધર ભગવાન દિગંબર જિન મંદિર

૧૭૩/૧૭૫, મુમ્બાદેવી રોડ, મુંબઈ – ૪૦૦ ૦૦૨

ફોન નંબર : ૨૩૪૨૫૨૪૧ / ૨૩૪૪૬૦૯૯

પ્રથમ આવૃત્તિ – પ્રત : ૧૦૦૦

વિ.સં. ૨૦૬૯ – ઈ.સ. ૨૦૧૩

પૂજ્ય બેન શાન્તાબેનની ૧૦૪મી જન્મજયંતી પ્રસંગે

ફાગણ સુદી અગિયારસ, તા. ૨૩-૦૩-૨૦૧૩

મૂલ્ય : સ્વાધ્યાય

| ટાઈપ સેટીંગ | મુદ્રણ |
|---|---|
| **અશોક મહેતા** | **સમીર પારેખ** |
| શ્રી કહાન કોમ્પ્યુટર્સ | પારસ પ્રિન્ટર્સ, ગોરેગામ |
| ફોન : ૨૮૨૮૦૮૭૨ | ફોન ૯૮૬૯૦૦૮૯૦૭ |

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# પ્રસ્તાવના

સમતા રમતા ઉર્ધ્વતા, જ્ઞાયકતા સુખ ભાસ
વેદકતા ચૈતન્યતા, એ સબ જીવ વિલાસ.

પૂજ્યવર શ્રી કહાનગુરુની અમૃતવાણી વીતરાગમય ગંભીર રહસ્ય ઝરતી વાણીના સૂર ટગટગી લગાવી સાંભળનાર ભગવતી માતાઓએ જે આત્મ સાક્ષાત્કાર કર્યો છે તે ધર્માત્માને તે સમ્યગ્દર્શનને વારંવાર નમસ્કાર હો. વાત્સલ્યમૂર્તિ પૂજ્ય બેન શાન્તાબેનની ૧૦૪મી જન્મજયંતિ ફાગણ સુદ ૧૧, તેઓશ્રીના વચનામૃતમાંથી ચૂંટેલા ૧૦૪ પુષ્પો પ્રકાશન કરતા આનંદ થાય છે કે જ્ઞાનીઓના વચનો પણ આત્મ-જાગૃતિમાં હિતરૂપ જરૂર થાય છે.

પૂજ્ય બેન વારંવાર ફરમાવતા હતા કે આત્માર્થીએ– ચિંતવનમાં આત્મવીર્યની અખંડ સ્થિરતા રાખવી તે ધ્યાન છે. તે જ આત્મપ્રાપ્તિનો ખરો ઉપાય છે.

આજ્ઞાકારી અમે આપના બાળકો.

# (૧)

૧. શ્રી વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે બહુમાન-ભક્તિભાવ આવે તે બહુમાન આત્મા પ્રગટ કરવાની પાત્રતા છે.

૨. તારા ઉપયોગને જ્ઞાનરૂપી નેત્રના થાંભલે બાંધી દે, તો વસ્તુ સ્થિતિ પકડમાં જરૂર આવશે.

૩. જેમ મ્યાનમાંથી તલવાર જુદી છે. તેમ શરીરરૂપ મ્યાનથી આત્મા ચૈતન્ય જ્યોતિ બિલકુલ જુદો છે. પ્રત્યક્ષપણે જુદો છે.

૪. જે જેની પાછળ પડે છે તે તેના મૂળ કાઢી નાખે છે. તેમ જે જીવ આત્માની પાછળ પડે છે, તે મિથ્યાત્વના મૂળ કાઢી નાખે છે.

૫. ગમે તેવા અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં પૂજ્ય ગુરુદેવની વાણી યાદ કરી શાંતિ-સમતા રાખવી.

## (૨)

૬. જ્ઞાયકની સત્તાભૂમિમાંથી ઉપડેલો નિર્ણય, જ્ઞાન તે જ હું છું, એવો સમ્યક્જ્ઞાનનો નિર્ણય ઉપડે છે.

૭. રાગાદિ-વિકારીભાવોથી છૂટો પડેલો ‘આત્મા’ ફરી રાગ અને વિકલ્પમાં પડતો નથી.

૮. પૂજ્ય ગુરુદેવનો જન્મ ચૈતન્ય આત્માની ચમત્કૃતિ બતાવવા જન્મ થયો છે.

૯. સામ્યભાવ—સમતાભાવ રાખવનો અભ્યાસ નિરંતર કરવો જોઈએ.

૧૦. સમ્યગ્દર્શન થતાં સિદ્ધ ભગવાનના સુખનો અંશે અનુભવ થાય છે, તે સિદ્ધોની નાતમાં ભળી ગયો છે.

૧૧. ભેદજ્ઞાન થતાં સાચું સ્વરૂપ સમજાય છે, આ સ્વરૂપ તો તીર્થંકર જિનેશ્વરદેવનું સ્વરૂપ છે, તેનું સ્વરૂપ અંશે જણાય છે.

(૩)

૧૨. જ્ઞાનીઓને શરીરની પીડામાં પણ પોતાનો જ્ઞાયક સ્વભાવ જ વેદાય છે.

૧૩. જ્ઞાનીઓની વૈરાગ્ય મસ્તી સદા જીવનમાં જાગૃતિમય રાખે છે.

૧૪. દરેક આત્મા ચેતના સ્વરૂપે જ છે, પોતે નજર કરે તો હાજરા–હજૂર છે.

૧૫. વાસ્તવિક રુચિ તેને કહેવાય કે જે અનંત ગુણો સહિત પ્રગટે છે.

૧૬. જેવા સિદ્ધ ભગવાન છે તેવો જ અંશે સિદ્ધ સમાન અનુભવ થાય છે.

૧૭. આ જગતમાં ઊંચામાં ઊંચું "જ્ઞાન" જ પ્રધાન છે.

૧૮. પોતાના આત્માને જાણતા જ અરિહંત-સિદ્ધ પરમેષ્ઠી ભગવાનનું સાચું સ્વરૂપ જણાય છે.

૧૯. આત્માર્થીએ જેમ બને તેમ શાસ્ત્ર-સ્વાધ્યાય ભક્તિ વૈરાગ્ય વધારવા યોગ્ય છે.

૨૦. આત્માની પ્રાપ્તિ તરફનો રસ વધુ હોય તેને બહારનો રસ ઘટી જાય છે.

૨૧. શ્રી જિનેન્દ્રદેવના દર્શન-પૂજા-ભક્તિ આત્માર્થતાથી કરતા ભવકટ્ટી થઈ જાય છે.

૨૨. શ્રી જિનેન્દ્રદેવના દર્શન તે મારા જ્ઞાયકનું પ્રતિબિંબ છે.

૨૩. સાચો આનંદ અને સાચું સુખ પોતાના ચૈતન્યમાં જ છે.

૨૪. સમ્યગ્દર્શન પોતે જ મહિમાવંત છે. મહિમાવંત દ્રવ્યને દેખે તો પર્યાય મહિમાવંત થાય.

૨૫. સમ્યગ્દર્શન ધારણ કરવામાં પ્રમાદિ થાઓ નહીં. આજે જ કરો.

૨૬. સમ્યગ્દર્શનરૂપી આભૂષણ હોય તો જ્ઞાન–વૈરાગ્ય તપ અને ચારિત્ર શોભે છે.

૨૭. સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં માર્ગ મળી ગયો, મોક્ષ

(૫)

મહેલના દરવાજા ખૂલી ગયા.

૨૮. સ્વ-અનુભવ તે જ મોક્ષનું કારણ છે. તે જ અનુભવથી મોક્ષની ધારા વહે છે.

૨૯. આ મનુષ્યભવ આત્મકલ્યાણ કરવા માટે ઊંચું સાધન છે.

૩૦. વ્યવહારે મુનિરાજ આદિ મહાપુરુષોના બહુમાન વિનય કરવાથી પોતાના આત્માનું બહુમાન થાય છે.

૩૧. એક બ્રહ્મચર્યની રક્ષા કરવાથી અનંત ગુણની રક્ષા થાય છે. એક બ્રહ્મચર્યના પાલનથી અનંત ગુણો શોભી ઉઠે છે.

૩૨ બ્રહ્મચર્યવ્રત ત્યાગ-વૈરાગ્યથી મંદકષાયરૂપ તથા વ્રત-તપ-નિયમરૂપી આભૂષણથી શોભે છે. માટે વ્રત-તપ નિયમના પરિણામ રાખવા.

૩૩. ગમે તેવા પ્રતિકૂળ સંયોગમાં પણ આત્મા

સમતા રાખી શકે છે. તે સમતા આત્માનો મૂળ જ્ઞાયક સ્વભાવ છે.

૩૪. વાસ્તવિક રીતે જો ભગવાનને સ્વીકાર્યા હોય તો શુદ્ધાત્માના કારણે ઊભા થાય અને નિર્વાણની તૈયારી થાય છે. જેવી ભાવના ભાવે તેવી જ ફળીભૂત થાય.

૩૫. મહા મોંઘાકાળે મહાદુર્લભ મનુષ્ય જીવન મળ્યું છે અને આત્મા ન પામે તો આત્માને ઠગે છે, લૂંટી લ્યે છે. દોષિત કરે છે.

૩૬ તું તારી ગરજ કર, અને ચૈતન્યની ઓળખાણ કર. ચિંતામણિ આત્મા પ્રગટ કર.

૩૭ આ મનુષ્ય જીવનમાં શુદ્ધાત્માની પ્રાપ્તિ કર એ જ મનુષ્ય જીવનનો સાર છે. બીજો ભવ હવે ન મળે તેવું બીજ રોપી દે.

૩૮ આત્માનો સ્વભાવ સ્વસંવેદનમય છે માટે આત્મામાં સંતોષ કર. સ્વસંવેદનમાં આત્મા

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પ્રત્યક્ષ દેખાય છે. આત્માની પ્રાપ્તિ માટે ચિત્તને સ્થિર કર.

૩૯. વીતરાગી સંતો મહામુનિરાજોને જોતાં હું સમરસી ભાવથી મન-વચન-કાયાથી સર્વસ્વ પ્રકારે વંદું છું.

૪૦. જ્ઞાનમાં સત્તાગુણને ગ્રહણ કરવા જેવું છે, ત્યાં આખી દિશા બદલાઈ જાય છે.

૪૧. પૂજ્ય ગુરુદેવે તો ઉંચામાં ઉંચી વસ્તુ આપી છે. જે કોઈ ન આપે એવી અદ્‌ભુત ચૈતન્ય નિધિ આપી ગયા છે, જે ચેતના પોતે જ છે.

૪૨ આત્મામાં ભેદજ્ઞાન—પ્રજ્ઞારૂપી વીજળી પડી તે પડી. પરથી જુદો પડ્યો તે હવે ફરીથી પર સાથે એકત્વબુદ્ધિથી એકમેક થતો નથી.

૪૩. જ્ઞાયકદેવ તરફ ઉપયોગ આરૂઢ થાય છે, ત્યારે તેમાં લીનતા વધતા એકદમ પરથી ખેંચાઈને પોતાના જ્ઞાયકમાં લીન થાય છે

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

અને અનંત ગુણો ઉછળે છે.

૪૪ આત્માના સ્વરૂપનું ધ્યાન તે જ ખરો સ્વાધ્યાય છે. સ્વાધ્યાય તે જ ખરું તપ છે. તેમાં ઘણાં કર્મોનો ક્ષય થાય છે.

૪૫. મહામુનિરાજના ગુણો યાદ કરતાં કરતાં આત્માના ગુણો યાદ આવી જાય છે.

૪૬ જે ભૂમિથી ક્રોડ ક્રોડ મુનિરાજ મોક્ષ પધાર્યા હોય તે ધન્ય કાળ ધન્યક્ષેત્ર છે. તે ભૂમિના દર્શનથી આપણો આત્મા ધન્ય બને છે.

૪૭. દર્શન-જ્ઞાન-ચારિત્ર-વીર્યાદિ બધામાં પ્રવેશ કરવાનું દ્વાર સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન-રૂપી આભૂષણ દ્વારા આ બધા શણગાર શોભે છે. તે પરમ સુખને દેનારું છે.

૪૮ પૂજ્ય ગુરુદેવનો પરમ ઉપકાર છે, ગુરુદેવની વાણીરૂપી દેહ જીવંત છે. તે સજીવન મૂર્તિ છે. ગુરુદેવે તત્ત્વની રેલમછેલ કરાવી છે.

૪૯. જ્ઞાયકદેવ મન-વચન-કાયાની ક્રિયામાં હર સમયે તે જુદો જ્ઞાયકપણે પરિણમન કરે છે. રાગ-દ્વેષના ભાવો વિભાવ પરિણામ આત્માની અશુદ્ધ પરિણતિમાં છે, તે ગૌણપણે વેદાય છે.

૫૦. સમ્યગ્દર્શન પોતે જ મહિમાવંત છે. શ્રદ્ધામાં આખું દ્રવ્ય આવી જાય છે. આવા મહિમાવંત દ્રવ્યને દેખે તો પર્યાય મહિમાવંત થાય એવો ચૈતન્યપદાર્થ જ મહા મહિમાવંત છે.

૫૧. સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં ભગવાનની નાતમાં ભળી ગયો અને ઝળહળતી જાજ્વલ્યમાન જ્યોતિ પ્રગટતાં ચારિત્રદશાનો પુરુષાર્થ ઉપડે છે.

૫૨. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું તેણે મોક્ષમહેલના પાયા નાખ્યા છે અને અવશ્ય મોક્ષરૂપી ફળની પ્રાપ્તિ થાય છે.

૫૩. આત્માને ઓળખવા માટે રુચિ ખૂબ જોરદાર પ્રગટ કરે તો આત્મદેવ ખૂબ આવકાર આપે છે. આત્મદેવ અંદરથી જાગૃત થાય જ.

૫૪. ઉપયોગને સ્થિર રાખવો તે પ્રસંગ ધન્ય છે. તે ચૈતન્યની કુશળતા છે. જાણવાયોગ્ય ચૈતન્યને જાણતા બધું જણાઈ જાય છે. આ જગતમાં જણાવા યોગ્ય બીજો કોઈ પદાર્થ છે જ નહીં.

૫૫. આત્મા મન-વચન-કાયાથી કે શાસ્ત્ર દ્વારા જણાતો નથી. ''આત્મા'' આત્મા દ્વારા જ જણાય છે.

૫૬. દેહ અને આત્મા ભિન્ન છે, એવો અનુભવનો ક્રમ-પુરુષાર્થ નિરંતર રાખવો જોઈએ.

૫૭. કષાયની મંદતાપૂર્વક ઈન્દ્રિય વિજેતા થઈ, સાધર્મી વાત્સલ્યભાવ વધારો. સ્વરૂપનું ચિંતવન વધારે હોય તે નજીકનું કારણ છે.

૫૮. ધન્ય છે તે ધરસેનાચાર્યદેવ—મુનિરાજ

ભૂતબલી પુષ્પદંત મુનિરાજ જેઓએ આત્માના જ્ઞાનની આરાધના કરતાં કરતાં સાથે સાથે શ્રુતજ્ઞાનનો પણ ઘણો પ્રચાર કર્યો છે.

૫૯. દૃષ્ટિમાં આખું દ્રવ્ય આવે ત્યારે એની પર્યાયમાં મહિમા આવે છે કે 'અહો! હું આવો મહિમાવંત છું.'

૬૦. જે સમયે આત્મા ઉપયોગ પરલક્ષથી છૂટી પોતાના જ્ઞાયકમાં એકાકાર નિર્વિકલ્પ ઉપયોગે પરિણમે છે, તે સમયે જ ખરો આનંદ અનુભવાય છે.

૬૧. ઉપયોગનું નિર્વિકલ્પપણે પરિણમવું અને આનંદનું અનુભવવું તે બંને એક સાથે જ થાય છે.

૬૨. આત્મા પોતે જ્ઞાનનો પિંડ છે, જ્ઞાન શરીરી છે. તેને જ લક્ષમાં લેતા સાચું અલોકિક સુખ પ્રગટે છે. તે આત્માનું સ્વાભાવિક સુખ

પ્રગટવાથી જન્મ-મરણ નાશ પામે છે.

૬૩. માત્ર આત્માર્થીઓનો જ સમાગમ હોય, એક જ ધ્યેય હોય, બીજે ક્યાંય રુચતું ન હોય તે જીવ પાત્ર છે.

૬૪. જેને બ્રહ્મચર્યનો રંગ નથી, તેને બધા ગુણો લૂલા અને પાંગળા થઈ જાય છે.

૬૫. પોતાનું સહજ 'નિર્વિકલ્પ સ્વરૂપ' અનુભવાયું તે સમયે ચૈતન્ય પ્રભુ જાજ્વલ્યમાન જ્યોતિ સ્વરૂપે "એકલા પોતાના નિજ સ્વરૂપમાં રમી રહ્યા હતા." ડોલી રહ્યા હતા ઉછળી રહ્યા હતા.

૬૬. હે જિનેન્દ્રદેવ ! મને એક આપનું શરણ હો, અને બીજું શુદ્ધાત્માનું શરણ હો.

૬૭. દેહાતીત આત્મામાં અતીન્દ્રિય આનંદ છે, તે આનંદમાં રહેવું ને દેહની વેદનામાં રહેવું નહીં.

૬૮. અમને હવે મૃત્યુનો ભય ન હોય અને તમે પણ દેહનું લક્ષ છોડીને આત્માના આનંદને ઉગ્ર લક્ષમાં રાખો.

૬૯. સહજ આત્મસ્વરૂપ આરાધન એ જીવનનું એક જ કર્તવ્ય છે.

૭૦. આત્માની ખરેખર લગની વધતાં અંદરનો મારગ કરી લ્યે છે. માટે આત્માર્થી જીવે આત્માની લગની વધારવી.

૭૧. મેરા પ્યારા ચિદ્રૂપ મેરા હૃદયમાં સદા બિરાજમાન રહો. શુદ્ધ ચિદ્રૂપને મારા વારંવાર નમસ્કાર હો.

૭૨. ચેતન્ય સ્વરૂપ આત્મામાં લક્ષ્મી ભરપૂર ભરી છે. તેને નિહાળે તો બધી નિધિ મળે છે. તેમાંથી જ સુખ મળે છે. તે જોવે તેને ઓળખે એ જ સુપ્રભાત છે.

૭૩. અમારા અતીન્દ્રિય આનંદને અમે મેળવી લીધો છે, એટલે અમે તો આનંદમાં જ છીએ.

૭૪. છોડવા જેવો સંસાર, લેવા જેવો સંયમ, મેળવવા જેવો મોક્ષ.

૭૫. અહંકાર સ્વરૂપને બરોબર ઓળખવું, અહંકારને આવવા દેવું નહીં. તેના માટે આત્મવીર્યમાં જરા પણ પ્રમાદિ રહેવું નહીં. આ પુરુષાર્થથી અહંકાર રહિત ચિત્તને મેળવી શકશો.

૭૬. દેહથી આત્મનું ભિન્નપણું અનુભવવા અર્થે પ્રબળ વિચારણા રાખવી. તે વિચારણાં દૃઢ રહે તેવી જાતનું વાંચન રાખવું અને તેવી જાતનો સંગ કરવો.

૭૭. ક્ષમા-નિર્માનતા-સરલતા-નિર્લોભતા આદિ દસ ધર્મનું શ્રાવકોએ પણ નિરંતર સેવન

કરવા યોગ્ય છે. તેમ શ્રી આચાર્યદેવનું કથન છે.

૭૮. આત્મા સાક્ષાત્કારના માર્ગના સ્વરૂપ સિવાયનું અન્ય જે કાંઈ બિન જરૂરી ભાષણ કરવું, બોલવું તે વચનદોષ છે. માટે આત્મહિત વચનો જ સાંભળવા.

૭૯. સતસંગ કરવો તો મહાપુરુષો અને અનુભવી પુરુષોનો સંગ મુમુક્ષુઓએ કરવો.

૮૦. સત્ય સમજણની વિશુદ્ધિ અને મુમુક્ષુતાની તીવ્રતા અન્યો અન્યને વિકસાવતા ધ્યેય સિદ્ધિ કરાવી શકશે.

૮૧. સત્ય સમજવાનો પ્રયોગ વ્યવહારમાં અસ્ખલિતગતિએ કર્યે જવો. ધ્યેય સિદ્ધિને અર્થે જરાપણ પ્રમાદી ન થવાય તેની ખાસ સાવચેતી રાખવી.

૮૨. મારે તો મારો જ્ઞાયકભાવ જ જોઈએ છે,

ઉપયોગને હર સમયે પોતા તરફ વાળે છે, એવો પુરુષાર્થ હર સમયે કરવો.

૮૩. જ્ઞાતાનું અસ્તિત્વ પહેલાં પકડવું અને એનો પુરુષાર્થ કરે તો અંદર શું નિધાન છે તે પકડાય છે.

૮૪. જેને સમયસારનો પક્ષ કર્યો તેને આ પક્ષરૂપી પાંખ મળી છે અને આકાશમાં ઉડીને આગળ જાય છે, તે મોક્ષ જઈ રહ્યો છે, અનુભવથી જ મોક્ષ ધારા વહે છે.

૮૫. સમયસાર સાંભળવા મળ્યું ત્યાં શુકન થઈ ગયા, પૂર્ણાનંદ પ્રાપ્તિનો રસ્તો હાથ આવી ગયો.

૮૬. અહો ! જગતની દરકાર છોડીને આત્માનું હિત કરી લેવા જેવું છે. આ અવસર આવ્યો છે. એમાં આ જન્મ-જરા-મરણથી બચવાનો ઉપાય એક આત્માનું શરણ જ છે.

૮૭. અહો ! જ્ઞાયકપ્રભુના દર્શન થતાં શ્રી સર્વજ્ઞદેવનું સ્વરૂપ જાણ્યું અને ત્યારથી શ્રી વીતરાગી સર્વજ્ઞ ભગવાનને પ્રત્યક્ષ નમસ્કાર કર્યા.

૮૮. જ્ઞાયકદેવને અસ્તિત્વમાંથી ઓળખવો, જ્ઞાયકદેવની સત્તાભૂમિ પકડમાં આવતાં જ્ઞાયકદેવ પ્રત્યક્ષ જણાશે.

૮૯. સમયે સમયે આત્મ સન્મુખ થવા તરફ પરિણામ વાળે તો ક્રોધ-માન-માયા-લોભ મંદ થશે.

૯૦. શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુની વાણી સાંભળતા પોતાના આત્માને જોવો, આ આત્માની દૃષ્ટિથી સામા આત્માની ઉપર મીટ માંડવી તો સ્વ-પર બંને આત્મા જણાયા.

૯૧. ગમે તેવા તીવ્ર અસાતાના સંયોગ કાળે પણ ધર્માત્મા એમ વિચારે છે કે આ પ્રસંગમાં તો

ખરેખર સત્તામાં રહેલું અસાતા કર્મ ખરે છે અને પોતાની પરિણતિ સ્વભાવ સન્મુખ વૃદ્ધિને પામે છે.

૯૨. જ્ઞાન આનંદાદિ અનંતગુણની પૂર્ણતા કરીને ચૈતન્ય પીંડ શરીર રહિત એકલો ચૈતન્યદેવ પોતાના અનંત ગુણમાં કેલી કરે તેની બલીહારી છે.

૯૩. કર્મના તીવ્ર ઉદયના સમયે પણ આત્મામાં શાંતિ સમાધિની પ્રાપ્તિ સારી થઈ છે. ઉદયે ઉદયનું કામ કર્યું, આત્માએ આત્મશાંતિનું કામ કર્યું છે.

૯૪. શાસ્ત્ર-સ્વાધ્યાય અને વૈરાગ્યથી શ્રવણ કરતાં મિથ્યાત્વના રસ મંદ પડે છે. તેથી જેમ બને તેમ શાસ્ત્ર-સ્વાધ્યાય, ભક્તિને વૈરાગ્ય વધારવો.

૯૫. લગની લગાડવી—રુચિ વધારવી,

ભગવાનના દર્શનનો પૂજાનો ટાઈમ રાખો છો, તેમ ચિંતવન મનનો પણ ટાઈમ જરૂર રાખવો જોઈએ.

૯૬. જ્ઞાયક અસ્તિત્વમાંથી ઉપડેલા નિર્ણયમાં ''જ્ઞાન તે જ હું છું.'' એવો સમ્યગ્જ્ઞાનનો નિર્ણય ઉપડે છે. વારંવાર અંદર જવા માટે ખૂબ જ પુરુષાર્થ તાલાવેલીપૂર્વક તેની પાછળ પડે છે. તે મિથ્યાત્વના મૂળ કાઢી નાખે છે.

૯૭. જે વ્યવહારમાં સૂતા છે, તે યોગી અંતરમાં જાગૃત છે. જે અંતરમાં સૂતા છે તે રાગમાં જાગે છે. ભેદવિજ્ઞાન થયા પછી કર્તા-કર્મની એકત્વબુદ્ધિ છૂટી જાય છે.

૯૮. ચૈતન્ય પદાર્થ મહા મહિમાવંત છે. એની શ્રદ્ધા કરે અને દૃષ્ટિમાં લ્યે તો આખું દ્રવ્ય આવે ત્યારે તેને પર્યાયમાં મહિમા આવે છે કે અહો ! હું આવો પદાર્થ છું.

૯૯. આત્મપદાર્થ હું જ આ છું, તેમ જાણતા મોક્ષમાર્ગ જણાય ગયો. ભગવાને મોક્ષમાર્ગ કહ્યો છે તે મોક્ષમાર્ગ આત્મા જણાતા સાચો માર્ગ જણાય છે.

૧૦૦. ચૈતન્ય ચમત્કાર સ્વરૂપ સમ્યક્ જ્યોતિ જે જાગી તે જાગી. આજથી મોક્ષના દરવાજા ખુલી ગયા.

૧૦૧. જેમ સિદ્ધ ભગવાન બધાને જાણે દેખે છે. છતાં રાગ-દ્વેષ કરતા નથી, તેમ આ આત્મા પણ સિદ્ધસ્વરૂપ જ છે, જાણવું તારો સ્વભાવ છે. સ્વભાવમાં રાગ-દ્વેષનો અભાવ છે.


૧૦૨. સાચો આનંદ અને સાચું સુખ પોતાના ચૈતન્યમાં જ છે, બીજે ક્યાંય છે જ નહીં. પોતાના ચૈતન્યમાં સુખ-શાંતિ-સમતા-આનંદ વેદાય છે, તે અપૂર્વ છે.

૧૦૩. જ્ઞાયકને ગ્રહણ કરવો એ જ સમ્યગ્દર્શન છે,

જાણનાર ઉપર જ એક લગની લગાવવી, તો બીજા વિકલ્પ છૂટી જાય છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં ભગવાનની નાતમાં ભળી ગયો. સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં ઝળહળતી જ્યોતિ જાજ્વલ્યમાન પ્રગટે છે. પછી ચારિત્રદશાનો પુરુષાર્થ ઉપડે છે.

૧૦૪. આત્માર્થીને શુદ્ધ ઉપયોગરૂપે પરિણમું એવો મનોરથ હોય છે. એક એક ગુણ ખીલી જાય છે. અનંત ગુણોને ઘણો સંપ છે, એક ખીલતા બધા ગુણો ખીલી જાય છે.

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com